દાખલ તારીખ ઃ– ૨૮/૦૨/૨૦૨૬
નોંધ્યા તારીખ ઃ– ૨૮/૦૨/૨૦૨૬
**ફેંસલ તારીખ ઃ– ૦૭/૦૩/૨૦૨૬**
સમયગાળો ઃ– વર્ષ – માસ – દિવસ
૦૦ – ૦૦ – ૦૭

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

## પાટણના મે. સેશન્સ જજ સાહેબની કોર્ટ, મુ. પાટણ.

**( પી.એચ.શેઠ, સેશન્સ જજ, પાટણ. )**

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબરઃ– ૧૭૭/૨૦૨૬.**
આંક ઃ– ૦૭.

***અરજદાર*** ઃ– (૧) મહાદેવભાઈ હીરાભાઈ ભરવાડ.
ઉ. વ. – ૩૮, ધંધો – ખેતી.
(૨) બાલાભાઈ હીરાભાઈ ભરવાડ.
ઉ. વ. – ૨૯, ધંધો – ખેતી.
(૩) વિષ્ણુભાઈ અજાભાઈ ઉર્ફે અરજણભાઈ ભરવાડ
ઉ. વ. – ૨૭, ધંધો – ખેતી.
તમામ રહે. માનપુરા,
તા. ઓગડ, જી. બનાસકાંઠા.

**વિરૂદ્ધ**

***સામાવાળા*** ઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબત** ઃ– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૨ મુજબ આગોતરા જામીન અરજ.

*********************************************
// અરજદાર/આરોપી તરફે વિ. વકીલ શ્રી એન.પી.ચૌધરી //
// સામાવાળા/સરકાર તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી આર.પી.રાવલ //
*********************************************

## // જજમેન્ટ //

(૦૧) આ કામના અરજદાર/આરોપીઓની હારીજ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૦૯૨૬૦૧૫૫/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાના કામે પોલીસ ધરપકડ કરે તેવી દહેશત વ્યકત કરી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૧.૧) અરજદાર/આરોપીઓના લેખીત કથન અનુસાર એફ.આઈ.આર. મુજબ ફરીયાદીની જમીન અરજદાર/આરોપીઓએ વેચાણથી લીધેલ અને ૨.૫ કરોડ રૂપિયા ચુકવી આપેલ નથી અને કાચી નોંધ ૪૫ થી ૬૦ પડ્યા પછી રકમ ચુકવવાનું જણાવેલ. આ સમય બાદ પણ અરજદાર/આરોપીઓ દ્વારા નાણાં ચુકવવામાં આવેલ નહીં હોવાનું જણાવેલ છે. અરજદાર/આરોપીઓના જણાવ્યા મુજબ સદર જમીન તેઓએ એક આકાશને વેચી હતી. ભરવાડ અલ્પેશભાઈ હીરાભાઈએ સ્પે. દાવા નં. ૭/૨૦૨૫ ને પ્રાથમિકતા આપીને આ કામના અરજદાર/આરોપીઓની તરફેણમાં તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ કરેલ વેચાણ દસ્તાવેજ અને તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ ખરીદનારની તરફેણમાં કરેલ વેચાણ દસ્તાવેજને પ્રિન્સી. સીની. સીવીલ જજ, સમી સમક્ષ પડકારેલ છે. અરજદાર /આરોપીઓ નિર્દોષ વ્યક્તિ છે અને ગુના સાથે તેમને કોઈ સંબંધ નથી. અરજદાર/આરોપીઓ સદર ગુનામાં સંડોવાયેલ નથી. ફરીયાદીએ વેચાણ દસ્તાવેજના દસ મહિના પછી અરજદાર/આરોપીઓ સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરેલ છે. ફરીયાદીએ વધુ પૈસા મેળવવા માટે અરજદાર/આરોપીઓ સામે ફોજદારી ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીએ ભરવાડ અલ્પેશ નામના વ્યક્તિની તરફેણમાં વેચાણ કરાર કર્યો હતો અને આ હકીકત દબાવીને અરજદાર/આરોપીઓને જમીન વેચી દીધી હતી. સદર કામે ફરીયાદ દાખલ કરવામાં વિલંબ થયેલ છે. અરજદાર/આરોપીઓએ નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફરીયાદ કવેસ કરવા અરજી કરેલ છે. આ કામના અરજદાર/ આરોપીઓ કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે. જેથી અરજદાર/

આરોપીઓને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા રજુઆત કરેલ છે.

(૦૨) હાલની અરજી રજુ થતા આ કામના સામાવાળા/સરકારને નોટીસ કરતા, આ કામના સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી આર.પી.રાવલ હાજર થયેલ છે.

(૦૩) આ કામે અરજદાર/આરોપીઓ તરફે વિ. વકીલશ્રીની દલીલ એવી છે કે, અરજદાર/આરોપીઓએ ફરીયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ હોવાનો આક્ષેપ છે. ફરીયાદીએ જે જમીન અરજદાર/ આરોપીઓને વેચાણ આપેલ હોવાનું જણાવેલ છે તે જમીન બાબતે અન્ય અલ્પેશભાઈ ભરવાડ સાથે વેચાણ કરાર કરેલ છે. આ કામે ફરીયાદ મોડી આપવામાં આવેલ છે તે અંગેનો કોઈ ખુલાસો ફરીયાદમાં કરેલ નથી. આ કામના અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવામાં ન આવે તો તેઓની સમાજમાં બદનામી થાય તેમ છે. ગુનાના કામે જે હકીકત હતી તે તમામ રેકર્ડ ઉપર આવી ગયેલ છે. સદર કામે તપાસ કરનાર અધિકારીને તપાસ માટે પુરતો સમય મળેલ છે. જેથી અરજદાર/ આરોપીઓના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂરીયાત નથી. અરજદાર/આરોપીઓ તપાસમાં સાથ સહકાર આપવા બાંહેધરી આપે છે. આ કામના અરજદાર/આરોપીઓ પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી કરવાની રહેતી નથી. આ કામના અરજદાર /આરોપીઓ અરજીમાં દર્શાવેલ સરનામે રહે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. આ કામના અરજદાર/આરોપીઓ કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે. જેથી અરજદાર/આરોપીઓને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા રજુઆત કરેલ છે.

(૦૪) સદર કામે સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ જામીન અરજીનો ભારપુર્વક વિરોધ કરેલ છે અને એવી દલીલ રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૩૧૬(૨), ૩૧૮(૪) વિગેરે મુજબના ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે.

અરજદાર/આરોપીઓએ ફરીયાદીની જમીન વેચાણથી રાખી ૧.૫ કરોડ ચેકથી આપી, બાકીની અઢી કરોડની રકમ ૪૫ થી ૬૦ દિવસમાં ચુકવવાનું કહી વેચાણ દસ્તાવેજ કરાવી લઈ રકમ નહીં ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરેલ છે. આ કામના અરજદાર/આરોપીઓ ગુનો બન્યો ત્યારથી મળી આવેલ નથી અને નાસતા ફરતા રહેલ છે. સદર ગુનાની તપાસ ચાલુ છે અને આ કામના અરજદાર/આરોપીઓની સદર ગુનામાં સંડોવણી છે અને તપાસના કામે જરૂરીયાત છે. આ કામના અરજદાર/આરોપીઓ જામીન ઉપર મુક્ત થાય તો તપાસમાં સહકાર આપે તેમ નથી. જેથી ગુનાની ગંભીરતા તેમજ તપાસ કરનાર અમલદારના સોગંદનામાની હકીકત ધ્યાને લઈ આ કામના અરજદાર/આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૦૫) આ કામે અરજી વંચાણે લીધી તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. આ કામે અરજદાર/આરોપીઓએ ફરીયાદીની હારીજ મુકામે આવેલ જમીન ચાર કરોડમાં વેચાણ રાખેલ. જે પૈકી દોઢ કરોડ રૂપિયાના ચેક આપી, બાકીની રકમ દસ્તાવેજ સમયે આપવાનું જણાવી, દસ્તાવેજ સમયે ૪૫ થી ૬૦ દિવસમાં કાચી નોંધ થયેથી બાકીની અઢી કરોડની રકમ આપવાનું જણાવી, જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લઈ, અરજદાર/આરોપીઓ પાસે સદર રકમની અવારનવાર માંગણી કરવા છતા નહીં આપી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૫.૧) સદર કામે અરજદાર/આરોપીઓ તરફે સદર ગુનાના કામે મોટાભાગની તપાસ પુર્ણ થઈ ગયેલ હોઈ અને ગુનાની તપાસ હકીકત રેકર્ડ ઉપર આવી ગયેલ હોઈ અરજદાર/આરોપીઓની પોલીસને તપાસના કામે જરૂરીયાત ન હોઈ જામીન ઉપર મુક્ત કરવા રજુઆત કરેલ છે. આ કામે ફરીયાદની હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીઓ દ્વારા ફરીયાદીની જમીન વેચાણ રાખેલ અને તે પૈકી દોઢ કરોડ જેવી રકમ ફરીયાદીને ચુકવી આપેલ છે અને બાકીની અઢી કરોડની રકમ આપવાની બાકી હોવાનું

ફરીયાદીએ જણાવેલ છે. આ કામના ફરીયાદીને અરજદાર/આરોપીઓએ વેચાણ દસ્તાવેજની જંત્રી મુજબની રકમ ચુકવી આપેલ હોવાનું જણાઈ આવે છે અને બાકી રકમ ચુકવવા અંગે હાલની ફરીયાદ થયેલ છે. આ કામના ફરીયાદીએ સદર તકરારી જમીન ભરવાડ અલ્પેશને વેચાણ કરારથી આપેલ હોવાનું તે બાબતે સમી કોર્ટમાં સ્પે. દિવાની દાવો પણ થયેલ હોવાનું જણાઈ આવે છે. જેથી અરજદાર/આરોપી તરફેની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ છે. વધુમાં ફરીયાદી તરફે જે આક્ષેપ છે તે જોતા આ કામના અરજદાર/ આરોપીઓ અને ફરીયાદી વચ્ચે આ બાબતે સીવીલ પ્રકારની તકરાર પણ ચાલતી હોવાનું જણાઈ આવે છે. આ સંજોગોમાં અરજદાર/આરોપીઓની વિશેષ તપાસ માટે કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટે જરૂરીયાત હોય તેવું પ્રથમદર્શનીય જણાઈ આવતું નથી. અરજદાર/આરોપીઓ નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અને જામીન આપવા ખુશી છે. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટના સિદ્ધરામ સતલીંગપ્પા મ્હેત્રે વિરૂદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાઓ, ૨૦૧૧(૧) જી.એલ.એચ., પેજ નં. ૧૧ માં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા અરજદાર/આરોપીઓને આગોતરા જામીન આપી શકાય તેમ છે. જેથી સદર કેસની હકીકતો, સંજોગો, ગુનાની ગંભીરતા, ગુનાના કામે ભુમિકા ધ્યાને લેતા કોર્ટને મળેલ વિવેકબુદ્ધિની સત્તા અરજદાર/આરોપીઓની તરફેણમાં વાપરવાનું યોગ્ય જણાય છે અને અરજદારને શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુક્ત કરવા ન્યાયોચિત જણાય છે. જેથી આ અરજી અંગે નીચે મુજબ હુકમ કરું છું.

## // હુકમ //

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૨ અન્વયેની અરજદાર/આરોપીઓની ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૧૭૭/૨૦૨૬ ની આગોતરા જામીન અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

..૬.....

(૨) આ કામના અરજદાર/આરોપી નં.(૧) મહાદેવભાઈ હીરાભાઈ ભરવાડ, (૨) બાલાભાઈ હીરાભાઈ ભરવાડ,(૩) વિષ્ણુભાઈ અજાભાઈ ઉર્ફે અરજણભાઈ ભરવાડ, તમામ રહે. માનપુરા, તા. ઓગડ, જી. બનાસકાંઠાવાળાની હારીજ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૦૯૨૬૦૧૫૫/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબના ગુનાના કામે ધરપકડ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે પ્રત્યેક અરજદાર/આરોપીએ **રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન તેઓને આગોતરા જામીન ઉપર મુક્ત કરવાનો આથી સબંધીત પોલીસ સ્ટેશનના સદર ગુનાના તપાસ કરનાર અધિકારીને હુકમ કરવામાં આવે છે.

**// શરતો //**

(૧) આ કામના અરજદાર/આરોપીઓએ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ સવારના કલાક ૧૧–૦૦ થી બપોરના કલાક ૪–૦૦ વાગ્યા સુધી સબંધીત પોલીસ સ્ટેશનમાં હાજર થઈ તપાસમાં સાથ સહકાર આપવો.

(૨) અરજદાર/આરોપીઓએ ફરીયાદ પક્ષના સાહેદોને ધાક ધમકી કે લાલચ, પ્રલોભન આપવું નહીં તેમજ ફોડવાનો પ્રયત્ન કરવો નહીં અને પુરાવા સાથે ચેડાં થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહીં અને જાહેર સુલેહશાંતિ જાળવવી.

(૩) અરજદાર/આરોપીઓએ પોતાનું કાયમી અને પાકું, પુરેપુરૂ સરનામું મોબાઈલ નંબર સહીત જામીન આપતી વખતે તપાસ કરનાર અમલદાર, સંબંધીત પોલીસ સ્ટેશન અને સંબંધીત અદાલતમાં આપવું અને તે સરનામામાં કોર્ટની મંજુરી સિવાય ફેરફાર કરવો નહીં.

..૭.....

(૪) અરજદાર/આરોપીઓ જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન – ૧૦(દસ) માં સંબંધીત અદાલતમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે મતલબનું સોગંદનામું રજુ કરવું.

(૫) અરજદાર/આરોપીઓએ સક્ષમ અદાલતની મંજુરી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

(૬) અરજદાર/આરોપીઓએ બાકી રહેલ તપાસના કામમાં તપાસ કરનાર અમલદાર જ્યારે પણ બોલાવે ત્યારે હાજર થઈ સાથ સહકાર આપવો અને સદર કેસની ટ્રાયલ દરમિયાન કોર્ટમાં નિયમીતપણે હાજર રહેવું અને ટ્રાયલમાં સાથ સહકાર આપવો.

– ***અરજદાર/આરોપીઓએ જામીન સબંધીત પોલીસ સ્ટેશનમાં આપવા.***

– **હુકમ અંગેની યાદી સંબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.**

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૩/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
સેશન્શ જજ,
**પાટણ.**
**( Judge U.I.Code No. GJ 00524 )**

( **BKP** )